GJNV010011182022

| | | | | |
|---|---|---|---|---|
| Presented on | : | 25-07-2022 | | |
| Registered on | : | 25-07-2022 | | |
| Decided on | : | 01-04-2026 | | |
| Duration | : | Y | M | D |
| | | 03 | 08 | 06 |

**EXHIBIT : 99**

## FORM - A

<table>
<tr><td colspan="2">IN THE COURT OF PRINICIPAL DISTRICT &<br>SESSIONS JUDGE, NAVSARI<br>Presided Over By : P.J.TAMAKUWALA,<br>Sessions Judge, Navsari.<br>Date of Judgment : 01 April, 2026<br>Sessions Case No.40/2022<br>Navsari Rural Police Station<br>Part-A-Cr.R.No.-11822021220695/2022<br>Navsari District.</td></tr>
<tr><td>COMPLAINANT :</td><td>State of Gujarat</td></tr>
<tr><td>REPRESENTED BY :</td><td>Learned P.P. Mr. T.C.Sule</td></tr>
<tr><td>ACCUSED :</td><td>SANJAY DHRUV THAKUR<br>AGE ABOUT : 44 Yr.,<br>OCCUPATION : DRIVING,<br>RESIDING AT PRESENT :<br>JAY SHIV GANESH LOGISTICS,<br>NEAR ICHCHHAPUR CHOKADI,<br>TA. CHORYASHI, DIST. SURAT.,<br>NATIVE RESIDENT OF :<br>TIWARITOLA, POST-DAHIYAPUR,<br>THANA-SANGRAMPUR,<br>DIST.CHAMPARAN, BIHAR.</td></tr>
<tr><td>REPRESENTED BY :</td><td>Learned Advocate Mr. V.A.NAIK</td></tr>
</table>

# FORM - B

| | |
|---|---|
| Date of Offence | 02-05-2022 |
| Date of FIR | 02-05-2022 |
| Date of Chargesheet | 23-06-2022<br>(Before Second Addl. Chief Judicial Magistrate Court, Navsari) |
| Date of Framing of Charges | 08-07-2023 |
| Date of commencement of evidence | 25-07-2023 |
| Date on which judgment is reserved | 09-03-2026 |
| Date of the Judgment | 01-04-2026 |
| Date of the Sentencing Order, if any | N.A. |

## Accused Details

| **Rank of the Accused** | **Name of Accused** | **Date of Arrest** | **Date of Release on Bail** | **Offences charged with** | **Whether Acquitted or Convicted** | **Sentence Imposed** | **Period of Detention Undergone during Trial for purpose of section 428, Cr. PC** |
|---|---|---|---|---|---|---|---|
| 1 | SANJAY DHRUV THAKUR | 02-05-2022 | 29-09-2022 | Section 304, 279, 337, 338 of Indian Penal Code & Section 177, 184 Motor Vehicle Act | Acquitted | N.A. | 02-05-2022<br>To<br>29-09-2022 |

સેશન્સ જજ, નવસારી.

**FORM - C**

**ચુકાદાના પેરા–૫ માં દર્શાવેલ છે.**

**–: ચુ કા દો :–**

**(ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૩૫ ની સાથે ૩૫૩ વાંચતા)**

**૧.** આ કામના આરોપી સામે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૩૦૪, ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાની ઈન્સાફી કાર્યવાહી અત્રેની સેશન્સ કોર્ટમાં ચલાવવામાં આવેલ છે.

**ફરિયાદ પક્ષનાં કેસની ટૂંકમાં હકીકત :–**

**૨.** ફરિયાદ પક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ ટોલટેક્ષ બચાવવા સારુ તા.૦૨–૦૫–૨૦૨૨ નાં કલાક ૧૭:૪૫ વાગ્યેના સુમારે આમરી ગામ, આમરી ગામથી આગળ વળાંકમાં પડઘા ગામના પાટિયા પહેલા આશરે ૧૦૦ મીટર ઉપર પોતાના કબજાનું ૫૦ ફૂટ લંબાઈનું વાહન ટ્રેલર રજિસ્ટ્રેશન નં.જીજે–૫–બીએકસ–૯૭૦૭ નાં કન્ટેઈનરમાં સમાન ભરેલ હોવાનું જાણવા છતાં પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારીને રોડના વળાંકમાં પોતાના વાહન પરનો કાબૂ એકદમ ગુમાવીને બાજુમાંથી પસાર થતા વાહન ઈકો કાર નં.જીજે ૨૧–સીએ ૪૨૩૩ ઉપર કન્ટેઈનર પલ્ટી મારી જતા વાહન ઈકો કારમાં બેસેલ પ્રફુલભાઈ લલ્લુભાઈ પટેલ, રોનક કાંતીલાલ પટેલ, મીનાક્ષીબેન પ્રફુલભાઈ પટેલ, રિધ્ધેશ ઉર્ફે શીવ પ્રફુલભાઈ પટેલ તથા મનીષા ઉર્ફે મંસાબેન મુકેશભાઈ પટેલનાઓના દબાઈ જવાથી શરીરે જુદી જુદી

ગંભીર ઈજાઓ થતાં સ્થળ ઉપર મોત નિપજાવેલ તથા ફરિયાદીના શરીરે ઈજાઓ કરેલ. આ અકસ્માત બાબતે ફરિયાદી દિપ કાંતિભાઈ પટેલ નાઓએ કન્ટેનર ચાલક સંજય ધ્રુવ ઠાકુર નાઓ વિરૂધ્ધ તા.૦૨–૦૫–૨૦૨૨ નાં રોજ નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલી, જે નવસારી રૂરલ પો.સ્ટે.પાર્ટ–એ–ગુ.ર.ન.૧૧૮૨૨૦૨૧૨૨૦૬૯૫/૨૦૨૨ થી ઈ.પી.કોડની કલમ–૨૭૯, ૩૦૪, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનાં ગુના અંગેની નોંધવામાં આવેલી.

**પોલીસ તપાસની વિગત :–**

**૩.** સદરહુ ફરિયાદ તપાસ અર્થે સંબંધીત તપાસ કરનાર અમલદારને સોંપવામાં આવતા સંબંધીત ત.ક.અમલદારે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૫૪ થી ૧૭૨ લક્ષમાં લઈ ગુનાની તપાસ કરી તપાસના અંતે હાલનાં આરોપી વિરૂધ્ધ સંબંધીત વિ.બીજા અધિક ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, નવસારી મુકામે ઈ.પી.કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનાં ગુના અંગેનું ચાર્જશીટ રજૂ કરતા તે તા.૨૩–૦૬–૨૦૨૨ નાં રોજ ફોજદારી કેસ નં.૪૫૩૭/૨૦૨૨ થી દાખલ થયેલ.

**તહોમતનામા અંગે :–**

**૪.** આરોપી વિરૂધ્ધ દાખલ થયેલ સદરહુ ફોજદારી કેસ સેશન્સ ટ્રાયેબલ હોવાથી નવસારીનાં વિ.બીજા અધિક ચીફ જયુડિ.મેજિસ્ટ્રેટશ્રી નાઓએ તા.૦૮–૦૭–૨૦૨૨ નાં રોજ હુકમ કરી સદરહુ કેસ સેશન્સ કમિટ કરતા તે આ સેશન્સ કોર્ટ ખાતે તા.૨૫–૦૭–૨૦૨૨ નાં રોજ

સેશન્સ કેસ નં.૪૦/૨૦૨૨ થી દાખલ થયેલ.

**૪.૧.** ત્યારબાદ, સદરહુ સેશન્સ કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન મારા પુરોગામી વિ.સેશન્સ જજશ્રીએ આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો વિનામૂલ્યે મળી ગયાની ખાત્રી કરી તા.૦૮–૦૭–૨૦૨૩ નાં રોજ આરોપી વિરૂધ્ધ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૨૮(૧)(બી) મુજબ ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ–૩૦૪, ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વાહન અધિનિયમની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુના અંગેનું તહોમતનામું આંક–૧૯ થી ફરમાવી આંક–૨૦ થી આરોપીનું સ્ટેટમેન્ટ લેતાં આરોપીએ ગુનો કબુલ નહિ હોવાનું જણાવતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૧(૧) મુજબ ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**૫.** સદરહુ કામે ફરિયાદ પક્ષ તરફથી તેમનાં કેસનાં સમર્થનમાં નીચે ફોર્મ–સી માં જણાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં અવેલ છે.

**FORM - C**

**LIST OF WITNESSES**

**A. Prosecution Witnesses :**

| RANK | EXHIBIT | NAME | NATURE OF EVIDENCE |
|---|---|---|---|
| PW 1 | P 21 | દિપ કાંતિલાલ પટેલ | ફરિયાદી– ઈજા પામનાર |
| PW 2 | P 23 | ડો.વિનેશ બાબુલાલ શાહ | મેડીકલ શાહેદ– ફરિયાદીને સારવાર |

| | | | |
|---|---|---|---|
| | | | આપનાર |
| PW 3 | P 25 | ડો.નિકીતા ધીરજલાલ પટેલ | મેડીકલ શાહેદ– પી.એમ. કરનાર |
| PW 4 | P 40 | ડો.રસ્મિતાબેન ઈશ્વરભાઈ પટેલ | મેડીકલ શાહેદ– પી.એમ. કરનાર |
| PW 5 | P 47 | પ્રકાશભાઈ ગોપીચંદભાઈ પાટીલ | પંચ શાહેદ – ગુનાવાળી જગ્યાનાં પંચ |
| PW 6 | P 49 | નાથુભાઈ રણછોડભાઈ પટેલ | પંચ શાહેદ – ગુનાવાળી જગ્યાનાં પંચ |
| PW 7 | P 51 | નુરખાન રસુલખાન પઠાણ | પંચ શાહેદ – આરોપીની શરીરસ્થિતિનાં પંચ |
| PW 8 | P 53 | સંજયકુમાર છગનભાઈ પટેલ | શાહેદ |
| PW 9 | P 54 | રાકેશભાઈ છોટુભાઈ પટેલ | શાહેદ – ઈકકો કારનાં માલિક |
| PW 10 | P 58 | નામદેવ દાદાસાહેબ દબડે | શાહેદ– ટ્રાન્સપોર્ટ કંપનીનાં માલિક |
| PW 11 | P 59 | જીવનભાઈ નામદેવભાઈ દબડે | શાહેદ – ટ્રેઈલરનાં માલિક |
| PW 12 | P 63 | ભરતભાઈ બળવંતરાય નાયક | શાહેદ |
| PW 13 | P 64 | રીયાઝ નિઝામુદ્દીન શેખ | પંચ શાહેદ – આરોપીની શરીરસ્થિતિનાં પંચ |
| PW 14 | P 67 | કલ્પેશભાઈ લક્ષ્મણભાઈ પટણી | પોલીસ શાહેદ– ત.ક.અમલદાર |

**B. Defence Witnesses : તપાસેલ નથી.**

**C. Court Witnesses : તપાસેલ નથી.**

સેશન્સ જજ, નવસારી.

## LIST OF EXHIBITS

### A. Prosecution Exhibits :

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Exhibit P-22 PW-1 | એફ.આઈ.આર. |
| 2 | Exhibit P-24 PW-2 | ફરિયાદીનું એમ.એલ.સી. |
| 3 | Exhibit P-26 PW-3 | મરણ જનાર રિધ્વેશભાઈનાં પી.એમ.માટેની પોલીસ યાદી |
| 4 | Exhibit P-27 PW-3 | રિધ્વેશભાઈનું ડેથ સર્ટીફીકેટ |
| 5 | Exhibit P-28 PW-3 | રિધ્વેશભાઈની પી.એમ.નોટ |
| 6 | Exhibit P-29 PW-3 | મરણ જનાર મનિષાબેનનાં પી.એમ.માટેની પોલીસ યાદી |
| 7 | Exhibit P-30 PW-3 | મનિષાબેનનું ડેથ સર્ટીફીકેટ |
| 8 | Exhibit P-31 PW-3 | મનિષાબેનની પી.એમ.નોટ |
| 9 | Exhibit P-32 PW-3 | મરણ જનાર રોનકકુમારનાં પી.એમ.માટેની પોલીસ યાદી |
| 10 | Exhibit P-33 PW-3 | રોનકકુમારનું ડેથ સર્ટીફીકેટ |
| 11 | Exhibit P-34 PW-3 | રોનકકુમારની પી.એમ.નોટ |
| 12 | Exhibit P-35 PW- | પ્રફુલભાઈનું મરણોત્તર પંચનામું (આરોપી પક્ષનાં શેરા મુજબ આંક આપેલ છે.) |
| 13 | Exhibit P-36 PW- | મિનાક્ષીબેનનું મરણોત્તર પંચનામું (આરોપી પક્ષનાં શેરા મુજબ આંક આપેલ છે.) |
| 14 | Exhibit P-37 PW- | રીધ્વેશભાઈનું મરણોત્તર પંચનામું (આરોપી પક્ષનાં શેરા મુજબ આંક આપેલ છે.) |
| 15 | Exhibit P-38 PW- | મનિષાબેનનું મરણોત્તર પંચનામું (આરોપી પક્ષનાં શેરા મુજબ આંક |

| | | |
|---|---|---|
| | | આપેલ છે.) |
| 16 | Exhibit P-39 PW- | રોનકભાઈનું મરણોત્તર પંચનામું (આરોપી પક્ષનાં શેરા મુજબ આંક આપેલ છે.) |
| 17 | Exhibit P-41 PW-4 | મરણ જનાર પ્રફુલભાઈનાં પી.એમ.માટેની પોલીસ યાદી |
| 18 | Exhibit P-42 PW-4 | પ્રફુલભાઈનું ડેથ સર્ટીફીકેટ |
| 19 | Exhibit P-43 PW-4 | પ્રફુલભાઈની પી.એમ.નોટ |
| 20 | Exhibit P-44 PW-4 | મરણ જનાર મિનાક્ષીબેનનાં પી.એમ.માટેની પોલીસ યાદી |
| 21 | Exhibit P-45 PW-4 | મિનાક્ષીબેનનું ડેથ સર્ટીફીકેટ |
| 22 | Exhibit P-46 PW-4 | મિનાક્ષીબેનની પી.એમ.નોટ |
| 23 | Exhibit P-48 PW-5 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 24 | Exhibit P-52 PW-7 | આરોપીની શરીરસ્થિતિનું પંચનામું |
| 25 | Exhibit P-60 PW-11 | અકસ્માતમાં સંડોવાયેલ ટ્રેઈલરનાં રજિસ્ટ્રેશન કાગળોની નકલ |
| 26 | Exhibit P-61 PW-11 | ટ્રેઈલર વેચાણ રાખ્યા અંગેનાં કરારની નકલ |
| 27 | Exhibit P-68 PW-14 | એફ.એસ.એલ.અધિકારીએ આપેલ સ્થળ પરીક્ષણ અહેવાલ |
| 28 | Exhibit P-69 PW-14 | ગુનો રજિસ્ટર કરવા માટે મોકલેલ યાદી |
| 29 | Exhibit P-70 PW-14 | તપાસ સોંપણી અંગેની યાદી |
| 30 | Exhibit P-71 PW-14 | નાયબ પોલીસ અધિક્ષકને ગુનાવાળી જગ્યાએ પધારવા લખેલ યાદી |
| 31 | Exhibit P-72 PW-14 | આર.ટી.ઓ. અધિકારીને ગુનાવાળી જગ્યાએ નિરીક્ષણ કરવા લખેલ યાદી |
| 32 | Exhibit P-73 PW-14 | ઈન્કવેસ્ટ કરવા માટે કાર્યપાલક મેજિસ્ટ્રેટને લખેલ યાદી |
| 33 | Exhibit P-74 PW-14 | આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ આપવા |

| | | |
|---|---|---|
| | | ડોકટરશ્રીને લખેલ યાદી |
| 34 | Exhibit P-75 PW-14 | આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ |
| 35 | Exhibit P-76 PW-14 | ફરિયાદીનાં સારવાર સર્ટીફીકેટ બાબતે ત.ક.અ.એ લખેલ યાદી |
| 36 | Exhibit P-77 PW-14 | ઈકકો કારનાં રજિસ્ટ્રેશનનાં કાગળો વિગેરેની ઝેરોક્ષ નકલ |
| 37 | Exhibit P-78 PW-14 | આર.ટી.ઓ.એ આપેલ ટ્રેઈલરનો એકસીડેન્ટ રિપોર્ટ |
| 38 | Exhibit P-79 PW-14 | આર.ટી.ઓ.એ આપેલ ઈકકો કારનો એકસીડેન્ટ રિપોર્ટ |
| 39 | Exhibit P-80 PW-14 | કન્ટેરનાં ટ્રાન્સપોર્ટનો ઓથોરીટી લેટર વિગેરેની નકલો |
| 40 | Exhibit P-81 PW-14 | ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા માટે ત.ક.અ.એ વિસ્તરણ અધિકારીને લખેલ યાદી |
| 41 | Exhibit P-82 PW-14 | ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા માટે ત.ક.અ.એ તા.વિ.અ.ને લખેલ યાદી |
| 42 | Exhibit P-83 PW-14 | ગુનાવાળી જગ્યાનાં નકશા બાબતે તા.વિ.અ.એ ત.ક.અ.ને લખેલ પત્ર |
| 43 | Exhibit P-84 PW-14 | ગુનાવાળી જગ્યાનાં નકશા બાબતે વિસ્તરણ અધિકારીએ લખેલ પત્ર |
| 44 | Exhibit P-85 PW-14 | ગુનાવાળી જગ્યાનો નકશો |
| 45 | Exhibit P-86 PW-14 | ગુનાવાળી જગ્યાનાં વાહનનનાં તથા મરણ જનારનાં ફોટાનું કવર. |

**B. Defence Exhibits : -**

**C. Court Exhibits : -**

સેશન્સ જજ, નવસારી.

**D. Material Objects : -**

**૫.૧.** સદર કામે ફરિયાદ પક્ષે આંક–૮૭ થી ડ્રોપીંગ પુશીશ તથા આંક–૮૮ થી એવીડન્સ કલોઝીંગ પુરશીશ રજૂ કરવામાં આવેલ છે.

**૬.** ત્યારબાદ, આરોપી વિરુધ્ધ પડેલ પુરાવા અંગે ખુલાસો કરવાની પૂરતી તક આરોપીને મળી રહે તે હેતુથી ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીએ જણાવેલ છે કે, *''અમો નિર્દોષ છીએ, અમે આવો કોઈ ગુનો કરેલ નથી, બનાવમાં અમો સંડોવાયેલા નથી, કહેવાતા વાહનનાં અમો ડ્રાઈવર નથી અને અમારા વિરૂધ્ધ ખોટું ચાર્જશીટ કરી ખોટા પુરાવા ઉભા કરેલ છે.''* આરોપીએ જાતે સોગંદ ઉપર પુરાવો આપેલ નથી કે બચાવના કોઈ શાહેદો તપાસેલ નથી.

**૭.** ત્યારબાદ, આ કામે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૪ અન્વયે ફરિયાદ પક્ષ તરફે વિ.પી.પી. શ્રી ટી.સી.સુળે નાઓની મૌખિક દલીલો સાંભળી તથા આરોપી તરફે વિ.વ.શ્રી વી.એ.નાઈક નાઓએ આંક–૯૬ થી રજૂ કરેલ લેખિત દલીલો ધ્યાને લીધી.

**ફરિયાદ પક્ષ તરફેની દલીલો :–**

૮. ફરિયાદ પક્ષ તરફે વિ.પી.પી.શ્રી ટી.સી.સુળે નાઓને તેમની દલીલોમાં જણાવેલ છે કે, આ કામે ફરિયાદી કે જે હાલનાં બનાવનાં નજરે જોનાર તથા અકસ્માતવાળી ઈકો કારમાં મુસાફરી કરી રહયા હતા અને તેમને પણ અકસ્માતમાં ઈજાઓ થયેલી છે તેમનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આરોપીની બનાવ સ્થળે અને સમયે અકસ્માત કરનાર કન્ટેનરનાં ડ્રાઈવર તરીકે હાજરી જણાય છે તેમજ આરોપીની

બેદરકારીનાં કારણે અકસ્માત બનેલ હોવાનું પણ તેમનાં પુરાવાથી સ્પષ્ટ થાય છે. ફરિયાદીનાં પુરાવાને અન્ય શાહેદોનાં પુરાવાથી પણ સમર્થન સાપડેલ છે. આ અકસ્માતમાં પાંચ વ્યકિતઓનાં અવસાન નિપજેલા છે તથા ફરિયાદીને ઈજાઓ થયેલી છે તે પણ પુરવાર થયેલ છે. મેડીકલ શાહેદો તથા પોલીસ તપાસ કરનાર અમલદારનાં પુરાવાથી પણ ફરિયાદ પક્ષનાં કેસને સમર્થન મળેલું છે. આમ, રજૂ કરેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં ફરિયાદ પક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ નિવડેલ હોઈ આરોપીને તકસીરવાન ઠરાવવા રજૂઆત કરેલ છે.

**આરોપી પક્ષ તરફેની દલીલો :–**

૯. આ કામે આરોપી તરફે વિ.શ્રી વી.એ.નાઈક નાઓએ આંક–૯૬ થી લેખિત દલીલો રજૂ કરેલ છે, જેમાં જણાવેલ છે કે, આ કામે ફરિયાદી/ઈજા પામનાર સૌથી મહત્વના સાક્ષી છે, તેઓ બનાવ નજરે જોનાર શાહેદ છે, છતાં તેઓની ઉલટતપાસની હકીકતો ધ્યાને લેતાં તેઓને અકસ્માત કયા વાહનથી થયેલો તે ખબર નથી, ડ્રાઈવરને સ્થળ પર જોયેલ નથી, જે ફરિયાદ આપેલી તે પોલીસે તૈયાર કરેલી હતી અને તેમાં તેમણે માત્ર સહી કરેલી, આરોપીનો ફોટો તેમનાં પિતાએ બતાવેલો હોઈ તે આધારે આરોપીને ઓળખી બતાવેલ છે, તેમણે ડોકટર સમક્ષની હીસ્ટ્રીમાં કોઈ વિગત જણાવી નથી. આમ, સદરહુ ફરિયાદીનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આરોપીની ઓળખ સ્થાપિત થયેલ નથી. આ ઉપરાંત પણ તપાસમાં આવેલ કહેવાતા કન્ટેનરનાં માલિક / ટ્રાન્સપોર્ટ માલિકનાં પુરાવા આધારે પણ અકસ્માત કરનાર કન્ટેનરનાં ચાલક તરીકે હાલનાં આરોપીની

ઓળખ સ્થાપિત થયેલ નથી. તપાસવામાં આવેલ અન્ય શાહેદોએ બનાવ નજરે જોયેલ નથી. પંચ શાહેદોનાં પુરાવાથી ગુનાવાળી જગ્યાનું પંચનામું પુરવાર થયેલ નથી તેમજ આરોપીનું અટક પંચનામું પણ પુરવાર થયેલ નથી. તપાસવામાં આવેલ મેડીકલ શાહેદો તથા ત.ક.અલદાર નાઓએ તેઓની ફરજનાં ભાગરૂપે જે કાર્યવાહી કરેલી તે તેઓનાં પુરાવામાં જણાવેલ છે. પરંતુ સૌથી મહત્વના શાહેદ એવા ફરિયાદીનાં પુરાવાથી ફરિયાદ પક્ષ આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ ફકત મેડીકલ શાહેદો તથા તથા ત.ક.અમલદારનાં પુરાવાથી હાલનાં આરોપીને ગુના સાથે સાંકળતો કોઈ જ પુરાવો ફરિયાદ પક્ષ રેકર્ડ પર લાવી શકેલ ન હોઈ ફરિયાદ પક્ષ આરોપી વિરૂધ્ધનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા રજૂઆત કરેલ છે.

આરોપી તરફે વિ.વ.શ્રીએ તેમની દલીલોનાં સમર્થનમાં નીચે જણાવ્યા મુજબનાં ન્યાયનિર્ણયો રજૂ કરેલા છે, જે ઘ્યાને લીધાં.

1. Cri. Appeal No.1200-1201/2022, (Supreme Court)
   Khema & Khem Chandra etc -Vs- State of U.P.
2. 1993(0) AUHEK-HC- 203053
   Dhruvkumar Nanjibhai Damor -Vs- State of Gujarat
3. Crimes (SC) 2002-2-164
   State of Haryana -Vs- Inder Sing (Supreme Court)
4. 1998(8) SCR 493
   State of Karnataka -Vs- Satish (Supreme Court)
5. 1980(1) SCC 30
   Syad Akber -Vs- State of Karnataka (Supreme Court)
6. 2008(1) SCC 791
   Nareshgiri -Vs- State of M.P. (Supreme Court)
7. 2009(3) SCC (Cri.) 406]
   Braham Dass -Vs- State of H.P.(Supreme Court)

**ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૪(૧)(બી) મુજબ કેસનાં નિર્ણય માટેનાં મુદ્દા :**

**૧૦.** ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા તેમજ ઉભય પક્ષની રજૂઆતો ધ્યાને રાખતાં ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૪(૧)(બી) મુજબ સદરહુ કેસનાં આખરી નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત કરવામાં આવેલ છે.

**–: મુદ્દા :–**

**(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીએ ટોલટેક્ષ બચાવવા સારુ તા.૦૨–૦૫–૨૦૨૨ નાં કલાક ૧૭:૪૫ વાગ્યેના સુમારે આમરી ગામ, આમરી ગામથી આગળ વળાંકમાં પડઘા ગામના પાટિયા પહેલા આશરે ૧૦૦ મીટર ઉપર પોતાના કબજાનું ૫૦ ફૂટ લંબાઈનું વાહન ટ્રેલર રજિસ્ટ્રેશન નં.જીજે–૫–બીએકસ–૯૭૦૭ નાં કન્ટેઈનરમાં સમાન ભરેલ હોવાનું જાણવા છતાં પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારીને રોડના વળાંકમાં પોતાના વાહન પરનો કાબૂ એકદમ ગુમાવીને બાજુમાંથી પસાર થતા વાહન ઈકો કાર નં.જીજે ૨૧–સીએ ૪૨૩૩ ઉપર કન્ટેઈનર પલ્ટી મારી જતા વાહન ઈકો કારમાં બેસેલ પ્રફુલભાઈ લલ્લુભાઈ પટેલ, રોનક કાંતીલાલ પટેલ, મીનાક્ષીબેન પ્રફુલભાઈ પટેલ, રિધ્ધેશ ઉર્ફે શીવ પ્રફુલભાઈ પટેલ તથા મનીષા ઉર્ફે મંસાબેન મુકેશભાઈ પટેલનાઓના દબાઈ જવાથી શરીરે જુદી જુદી ગંભીર ઈજાઓ થતાં સ્થળ ઉપર મોત નિપજાવી તથા ફરિયાદી દિપ કાંતિલાલ પટેલના**

**શરીરે ઈજાઓ કરી, ઈ.પી.કોડની કલમ–૨૭૯, ૩૦૪, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનાં સજાપાત્ર ગુના કરેલ છે ?**

**(૨) શું હુકમ ?**

**૧૧.** ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ અદાલતનાં નિર્ણયો નીચે મુજબ છે અને તે અંગેની ચર્ચા ત્યારબાદ કરવામાં આવેલ છે.

**–: નિ ર્ણ યો :–**

**(૧) નકારમાં.**

**(૨) આખરી હુકમ મુજબ.**

**–: કા ર ણો :–**

**(<u>સી.આર.પી.સી ની કલમ–૩૫૪(૧)(બી) મુજબ</u>)**

**૧૨.** ભારતીય ક્રીમીનલ જસ્ટીસ સીસ્ટમ તથા ક્રીમીનલ જયુરીસપ્રુડન્સ મુજબ ફરિયાદ પક્ષે તેનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો રહે છે. વધુમાં ફરિયાદ પક્ષે તેનો કેસ સીધા પુરાવાથી કે સાંયોગીક પુરાવાથી સાબીત કરવાનો રહે છે. વધુમાં કોઈપણ દંડાત્મક કાનૂનનું અર્થઘટન કરતી વખતે તેનું **"strictly construed"** કરવાનું રહે છે. એટલે અદાલતે કાયદાનાં શબ્દો **(Litera legis)** કરતાં આગળ વધવું જોઈએ નહીં

જયાં સુધી ભારતીય દંડ સંહિતાને લાગે–વળગે છે ત્યાં સુધી કોઈપણ કૃત્ય ગુનો બને છે કે કેમ? તે માટે **<u>ભારતીય દંડ સંહિતાની કલમ–૬ ને પણ લક્ષમાં રાખવાની હોય છે. કલમ–૬ : આ સંહિતાની જોગવાઈઓ અપવાદોને આધીન સમજવી</u> :– આ સંહિતામાં પ્રથમથી**

**છેક સુધી ગુન્હાની પ્રત્યેક વ્યાખ્યા, પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા, પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા તથા શિક્ષાત્મક જોગવાઈઓનું પ્રત્યેક દષ્ટાંત 'સામાન્ય અપવાદો' શીર્ષકવાળા પ્રકરણમાં આપેલ અપવાદોને આધીન છે તેમ સમજવું. અલબત, આવી વ્યાખ્યા કે શિક્ષાત્મક જોગવાઈ કે દષ્ટાંતમાં આવા અપવાદો દોહરાવાયા નથી.**

એટલે કે, કોઈપણ કૃત્ય બને છે કે કેમ ? તે માટે આ ભારતીય દંડ સંહિતામાં જે અપવાદો આપેલા છે તે અપવાદો લક્ષમાં રાખવાનાં છે. એટલે કે, કોઈપણ કૃત્ય ગુનો બનવા માટે અપવાદોને આધીન છે. ***નામ. સર્વોચ્ચ અદાલતે પ્રતાપ-વિરુધ્ધ-ઉત્તર પ્રદેશ રાજયનો ચુકાદો કે જે ૧૯૭૬(૨) એસસીસી-પાન નં.૭૯૮*** ઉપર પ્રદર્શિત થયેલ છે. જે ચુકાદામાં એવું પ્રતિપાદિત કરેલ છે કે, રેકર્ડ ઉપર જે પુરાવો હોય તેનાં ઉપરથી અદાલતે કોઈપણ ગુનો અપવાદમાં પડે છે કે કેમ ? તે લક્ષમાં રાખી, કોઈ કૃત્ય ગુનો બને છે કે કેમ ? તે નકકી કરવાનું હોય છે.

**Beyond reasonable doubt એટલે શું ?**

ઉપર ચર્ચા કરી તે મુજબ ફરિયાદપક્ષે તેમનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો હોય છે અને કોઈ પણ ભૂલ ભરેલી સજા સમાજ તથા આરોપીઓ માટે ખુબજ ગંભીર બાબત છે. જેથી સજા કરતી વખતે અદાલતે ધ્યાનમાં રાખવાનું હોય છે કે, એક ડાહયો માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતા એવા નિર્ણય ઉપર પહોંચે કે, આરોપીઓ વ્યાજબી શંકાથી પર ગુનેગાર છે. **Reasonable doubt અંગે વિધ્વાન કાયદા વીદ**

**વ્હોરટને નીચે મુજબની વ્યાખ્યા આપી છે કે** ***"Reasonable doubt is that which makes you hesitate as to the correctness of the conclusion which you reach"*** જયારે અદાલતને તેની રુબરુ જે પુરાવો પડેલો હોય તે શુધ્ધ અંતર આત્માથી વિચારતા એવું લાગ કે,આરોપીની ગુનેગારી બાબતે શંકા છે તો તે રીઝનેબલ ડાઉટ છે.

**આજ રીતે લોર્ડ ડેનીગે તેની વ્યાખ્યા આપતાં જણાવ્યું છે કે:–**

***That degree is not well settled. It need not reach certainty but must carry a high degree of probability. Proof beyond reasonable doubt does not mean proof beyond the shadow of doubt. The law would fail to protect the community if it admitted fanciful possibilities to deflect the course of justice. If the evidence is strong against a man as to leave only a remote possibility in his favour that can be dismissed with the sentence'. "Of course it is possible, but not in the lest probable, the case is proved beyond reasonable doubt, but nothing short of that will suffice".***

વધુમાં નામ.સર્વોચ્ચ અદાલતે ***સ્ટેટ ઓફ બેંગાલ–વિરુધ્ધ–ઓનીલાલ જયસ્વાલના ૧૯૯૪(૧) જી.એલ.એચ.પાન–૫૩૭*** ઉપરનાં ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે કે,

***" Reasonable doubt is simply that degree of doubt which would permit a reasonable and just man to come to a conclusion. Reasonableness of the doubt must be commensurate with the nature of the offence to be investigated..."***

આમ, રીઝનેબલ ડાઉટ રેકર્ડ ઉપરથી ફલીત થતો હોવો જોઈએ અને તે કાલ્પનિક ન હોવો જોઈએ અને રેકર્ડ ઉપરથી જ ફકત શંકા નહીં પરંતુ વ્યાજબી શંકા આરોપીઓની ગુનામાં સંડોવણી કે, આરોપીઓનાં ગુનાકીય કૃત્ય માટે ઉભી થયેલી હોવી જોઈએ. આમ

ઉપરોકત પરિપ્રેક્ષ્યમાં ફરિયાદ પક્ષનો પુરાવાનુ મૂલ્યાંકન કરવુ આવશ્યક છે.

**૧૩.** ભારતીય ફોજદારી ન્યાયશાસ્ત્રનાં પાયાનાં સિધ્ધાંત મુજબ આરોપી સામેનાં આક્ષેપીત ગુનાઓ નિ:શંકપણે પુરવાર કરવા માટેની ખૂબ જ ભારે જવાબદારી ફરિયાદ પક્ષ ઉપર મૂકવામાં આવેલ છે. જયારે આરોપી ઉપર તેનો બચાવ શકયતાઓની સંભવિતતાના આધારે પુરવાર કરવાની જવાબદારી નાંખવામાં આવેલી છે. એટલે કે, આરોપી ઉપર તેનો બચાવ પુરવાર કરવાની જવાબદારીનો બોજો હળવો છે અને આરોપીએ પોતાનો બચાવ વ્યાજબી રીતે શકયતાઓ સાબિત કરીને પુરવાર કરવાનો છે.

**મુદ્દા નં.૧ ની ચર્ચા :-**

**૧૪.** સદરહુ મુદ્દાની ચર્ચા કરતા પહેલા આ કામનાં આરોપી સામે જે ઈ.પી.કોડની કલમ-૩૦૪, ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબનાં ગુનાનું તહોમત છે તે ગુનાની કાનૂની જોગવાઈ / આવશ્યક તત્વો ધ્યાને લેવા જરૂરી છે, જે નીચે મુજબ છે :

**(એ) ઈ.પી.કોડની કલમ-૩૦૪. ખૂન ન ગણાય એવા ગુનાહિત મનુષ્યવધ માટે શિક્ષા :**

જે કોઈ વ્યકિત, ખૂન ન ગણાય એવો ગુનાહિત મનુષ્યવધ કરે તેને, જો મૃત્યુ નિપજાવનારું કૃત્ય મૃત્યુ નિપજાવવાના અથવા જેનાથી મૃત્યુ નિપજવાનો સંભવ હોય એવી શારીરિક હાનિ પહોંચાડવાના ઈરાદાથી કર્યુ હોય તો, આજીવન કેદની અથવા દસ વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે

દંડને પણ પાત્ર થશે, અથવા

તે કૃત્યથી મૃત્યુ થવાનો સંભવ છે, એવી જાણકારી સાથે તે કર્યુ હોય પણ મૃત્યુ નિપજાવવાનાં કે જેનાથી મૃત્યુ નિપજવાનો સંભવ હોય એવી શારીરિક હાનિ પહોંચાડવાના ઈરાદા વિના કર્યુ હોય તો તેને દસ વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**(બી) ઈ.પી.કોડની કલમ–૨૭૯. સરિયામ રસ્તા પર બેકાળજીથી વાહન ચલાવવા અથવા સવારી કરવા બાબત :**

**તત્વો :–**

(૧) જાહેર રસ્તા પર વાહન ચલાવવું અથવા સવારી કરવી.

(૨) બેફાણપણે અથવા બેદરકારીપૂર્વક આવું વાહન ચલાવવું અથવા આવી સવારી કરવી.

(૩) કે, જે કારણે બહુજનસમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા અથવા હાનિ થવા સંભવ હોય.

**(સી) ઈ.પી.કોડની કલમ–૩૩૭.**

**અન્યની જીંદગી અથવા શારીરિક સલામતી ભયમાં મુકે તેવા કત્યથી વ્યથા પહોંચાડવી :–**

**તત્વો :–**

(૧) આરોપીએ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક કોઈ કૃત્ય કર્યુ.

(૨) તેવા કૃત્યનાં કારણે માનવજીંદગી અથવા અન્યની શારીરિક સલામતી ભયમ મુકાઈ,

(૩) તેવા કૃત્યનાં કારણે કોઈ વ્યકિતને વ્યથા નિપજી.

**(ડી) ઈ.પી.કોડની કલમ–૩૩૮.**

**અન્યની જીંદગી અથવા શારીરિક સલામતી ભયમાં મુકે તેવા કત્યથી મહાવ્યથા પહોંચાડવી :–**

**તત્વો :–**

(૧) આરોપીએ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક કોઈ કૃત્ય કર્યુ.

(૨) તેવા કૃત્યનાં કારણે માનવજીંદગી અથવા અન્યની શારીરિક સલામતી ભયમ મુકાઈ,

(૩) તેવા કૃત્યનાં કારણે કોઈ વ્યકિતને વ્યથા નિપજી.

**૧૫.** ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ/ગુનાના આવશ્યક તત્વો લક્ષમાં રાખી સદરહુ મુદ્દાની ચર્ચા નીચે મુજબ કરવામાં આવે છે.

**પોસ્ટમોર્ટમ કરનાર ડોકટરશ્રીનાં પુરાવાનું મૂલ્યાંકન :–**

**૧૬.** આ કામે ફરિયાદ પક્ષે શાહેદ નં.૩ ડો.નિકીતા ધીરજલાલ પટેલ નાઓને આંક–૨૫ થી તપાસેલા છે. તેમણે મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તા.૦૨–૦૫–૨૦૨૨ નાં રોજ તેઓ નવસારી સિવિલ હોસ્પિટલમાં તેમની ફરજ પર હતા ત્યારે ગુજરનાર રીધ્વેશ ઉર્ફે શીવ ભગુભાઈ પટેલની લાશને આંક–૨૬ વાળી પોલીસ યાદી સાથે, ગુજરનાર મનિષાબેન મુકેશભાઈની લાશને આંક–૨૯ વાળી પોલીસ યાદી સાથે તથા ગુજરનાર રોનકકુમાર કાંતિલાલ પટેલની લાશને આંક–૩૨ વાળી પોલીસ યાદી સાથે તેમની પાસે લાવવામાં આવેલી, જે લાશોનું પોસ્ટમોર્ટમ તેમણે કરેલું અને પોસ્ટમોર્ટમ દરમ્યાન ગુજરનારનાં શરીર ઉપર જે ઈજાઓ માલુમ પડેલી તે તેમણે તેમની જુબાનીમાં જણાવેલ છે, જે ઈજાઓનું વર્ણન તેમણે આપેલ પી.એમ. નોટની કોલમ–૧૭ માં કરવામાં આવેલ છે અને તે ઈજાઓ મૃત્યુ પહેલાની હતી અને તે ઈજાઓનાં કારણે તથા તેને આનુષાંગિક આં તરિક ઈજાઓનાં કારણે હેમરેજ અને શોક લાગવાથી મરણ જનારનાં મૃત્યુ નિપજેલ હતા. તેમણે ઉપર જણાવેલ ઈસમોની લાશનાં પોસ્ટમોર્ટમ બાદ પી.એમ.નોટ તથા ડેથ સર્ટીફીકેટ આપેલા, જેમાં અનુક્રમે રીધ્વેશ ઉર્ફે શીવનું ડેથ સર્ટીફીકેટ આંક–૨૭ અને પી.એમ. નોટ આંક–૨૮ થી, મરણ જનાર મનિષાબેનનું ડેથ સર્ટીફીકેટ આંક–૩૦ અને પી.એમ. નોટ આંક–૩૧ થી તેમજ

મરણ જનાર રોનકકુમારનું ડેથ સર્ટીફીકેટ આંક–૩૩ અને પી.એમ.નોટ આંક–૩૪ થી રજૂ થયેલ છે. તેમના જણાવ્યા મુજબ સદરહુ મરણ જનારાઓને થયેલ તમામ ઈજાઓ વાહન અકસ્માતમાં સંભવી શકે તેમજ તે ઈજાઓ સામાન્ય સંજોગોમાં માણસનું મૃત્યુ નિપજાવવા માટે પૂરતી હતી.

સદરહુ શાહેદની બચાવ પક્ષ ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં જણાવેલ છે કે,...

*''એ વાત ખરી છે કે, ઈન્કવેસ્ટ પંચનામા આધારે આ વાહન અકસ્માતનો બનાવ છે તેવું મને જાણવા મળેલું.''*

*''એ વાત ખરી છે કે, બે વાહનો સામસામે અથડાય તો આવા પ્રકારની ઈજા થઈ શકે.''*

**૧૬.૧.** ત્યારબાદ, આ કામે ફરિયાદ પક્ષે શાહેદ નં.૪ ડો.રસ્મિતાબેન ઈશ્વરભાઈ પટેલ નાઓને આંક–૪૦ થી તપાસેલા છે. તેમણે મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તા.૦૨–૦૫–૨૦૨૨ નાં રોજ તેઓ નવસારી સિવિલ હોસ્પિટલમાં તેમની ફરજ પર હતા ત્યારે ગુજરનાર પ્રફુલભાઈ લલ્લુભાઈ પટેલની લાશને આંક–૪૧ વાળી પોલીસ યાદી સાથે તથા ગુજરનાર મિનાક્ષીબેન પ્રફુલભાઈ પટેલની લાશને આંક–૪૪ વાળી પોલીસ યાદી સાથે તેમની પાસે લાવવામાં આવેલી, જે લાશોનું પોસ્ટમોર્ટમ તેમણે કરેલું અને પોસ્ટમોર્ટમ દરમ્યાન ગુજરનારનાં શરીર ઉપર જે ઈજાઓ માલુમ પડેલી તે તેમણે તેમની જુબાનીમાં જણાવેલ છે, જે ઈજાઓનું વર્ણન તેમણે આપેલ પી.એમ. નોટની કોલમ–૧૭ માં કરવામાં આવેલ છે અને તે ઈજાઓ મૃત્યુ પહેલાની હતી અને તે ઈજાઓનાં કારણે મરણ

જનારનાં મૃત્યુ નિપજેલ હતા. તેમણે ઉપર જણાવેલ ઈસમોની લાશનાં પોસ્ટમોર્ટમ બાદ પી.એમ.નોટ તથા ડેથ સર્ટીફીકેટ આપેલા, જેમાં અનુક્રમે ગુજરનાર પ્રફુલભાઈનું ડેથ સર્ટીફીકેટ આંક–૪૨ અને પી.એમ. નોટ આંક–૪૩ થી તથા મરણ જનાર મિનાક્ષીબેનનું ડેથ સર્ટીફીકેટ આંક–૪૪ અને પી.એમ. નોટ આંક–૪૫ થી રજૂ થયેલ છે. તેમના જણાવ્યા મુજબ સદરહુ મરણ જનારાઓને થયેલ તમામ ઈજાઓ વાહન અકસ્માતમાં સંભવી શકે.

સદરહુ શાહેદની બચાવ પક્ષ દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં જણાવેલ છે કે,...

*''એ વાત ખરી છે કે, ઈન્કવેસ્ટ પંચનામા વંચાણે લેતાં ગુજરનારને ઈજાઓ અકસ્માતમાં થયેલાનું મને જાણવા મળેલું.''*

*''એ વાત ખરી છે કે, કોઈપણ વાહન બીજા વાહન સાથે ટકકર લાગે તો અને તે વાહન પલટી ખાઈ જાય તો આવા પ્રકારની ઈજા થઈ શકે.''*

*''એ વાત ખરી છે કે, બે વાહનો સામસામે અથડાય તો આવા પ્રકારની ઈજા થઈ શકે.''*

**૧૬.૨.** વધુમાં, આ કામે ફરિયાદ પક્ષ તરફે આ કામે મરણ જનાર ઈસમોનાં મરણોત્તર પંચનામા રજૂ કરવામાં આવેલ, જેને આંક આપવા સામે બચાવ પક્ષને વાંધો ન હોઈ તે આંક–૩૫ થી પ્રફુલભાઈનું મરણોત્તર પંચનામું, આંક–૩૬ થી મિનાક્ષીબેનનું મરણોત્તર પંચનામું, આંક–૩૭ થી રીધ્ધેશભાઈનું મરણોત્તર પંચનામું, આંક–૩૮ થી મનિષાબેનનું મરણોત્તર પંચનામું તથા આંક–૩૯ થી રોનકભાઈનું મરણોત્તર પંચનામું પુરાવામાં દાખલ થયેલ છે, જે મરણોત્તર પંચનામાં ધ્યાને લેવામાં આવે તો તેમાં મરણ

જનારાઓનું મૃત્યુ અકસ્માતમાં ઈજા થવાનાં કારણે થયેલ હોવાનું જણાવવામાં આવેલ છે.

**ફરિયાદી/ઈજા પામનારને સારવાર આપનાર ડોકટરશ્રીનાં પુરાવાનું મૂલ્યાંકન :-**

**૧૭.** આ કામે ફરિયાદ પક્ષે શાહેદ નં.ર. ડો.વિનેશ બાલુલાલ શાહ નાઓએ આંક-૨૩ થી મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તા.૨૨-૦૫-૨૦૨૨ નાં રોજ તેઓ યશફીન હોસ્પિટલમાં ફરજ બજાવતા હતા ત્યારે ઈજા પામનાાર દિપ કાંતિલાલ પટેલને યાદી વગર સારવાર માટે લાવવામાં આવતા તેમણે તેને તપાસેલા. તેમણે હીસ્ટ્રીમાં જણાવેલ કે, ફોરવ્હીલમાં જતા હતા ત્યારે એક ટ્રકે ટકકર મારેલી. દર્દી સભાન અવસ્થામાં હતા. તેમને કમરમાં દુ:ખાવો થતો હતો. સદરહુ શાહેદે વધુમાં જણાવેલ છે કે, સદરહુ દર્દીને તપાસતા નીચે મુજબની ઈજા જોવા મળેલી. ઈજા નં.(૧): ૧×૧×૧ સે.મી.વાળો છુંદાયેલો ઘા કપાળ ઉપર હતો. ઈજા નં. (૨): બંને હાથ તથા બંને પગ ઉપર ઘણા બધા ઘસરકાઓ હતા. વધુમાં, દર્દીને એલ-૨ મણકાનું ફ્રેકચર હતું તથા જમણા ફેફસામાં કન્ટયુઝન હતુ. આ દર્દીને સારવાર બાદ તા.૦૬-૦૫-૨૦૨૨ નાં રોજ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલી. આ ઈજા અંગેનું એમ.એલ.સી. સર્ટી તેમણે તેમનાં હસ્તાક્ષરમાં આપેલું, જે આંક-૨૪ થી રજૂ થયેલ છે.

બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં સદરહુ શાહેદે જણાવેલ છે કે, *''ઈજા પામનારે તેમની હીસ્ટ્રીમાં બનાવ કયારે અને કેટલા વાગ્યે બનેલો તે લખાવેલ નહિ.''*

*''એ વાત ખરી છે કે, હીસ્ટ્રીમાં કોઈ વાહન નંબર લખાવેલ નહિ.''*

*''એ વાત ખરી છે કે, ઈજા પામનારે તેમની ગાડી ઉપર કન્ટેનર પલ્ટી ખાઈ ગયેલ હોય તેવું લખાવેલ નથી.''*

આમ, સદરહુ શાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આ કામનાં ફરિયાદીને અકસ્માતમાં ઈજાઓ થયેલી હોઈ તેઓને યશફીન હોસ્પિટલ, નવસારી ખાતે લાવવામાં આવતા સદરહુ શાહેદે તેમને અંદરનાં દર્દી તરીકે સારવાર આપી હોવાનું જણાય છે.

**૧૮.** આમ, પી.એમ. કરનાર ઉપરોકત મેડીકલ ઓફિસરોનો સમગ્ર પુરાવો તથા રજૂ કરવામાં આવેલ ઉપર જણાવેલ ડેથ સર્ટીફીકેટસ, પી.એમ. નોટસ તથા મરણોત્તર પંચનામાઓની વિગતો ધ્યાને લેતાં મરણ જનાર રીધ્વેશભાઈ, મનિષાબેન, રોનકકુમાર, પ્રફુલભાઈ તથા મિનાક્ષીબેનનું મૃત્યુ તા.૦૨-૦૫-૨૦૨૨ નાં રોજ અકસ્માતમાં ઈજા થવાના કારણે થયેલ હોવાની હકીકત જણાય છે. વધુમાં, ફરિયાદી/ઈજા પામનાર દિપ કાંતિલાલ પટેલ નાઓએ સારવાર આપનાર ડોકટરશ્રીનો મૌખિક પુરાવો તથા તેમણે આપેલ એમ.એલ.સી. ધ્યાને લેતાં અકસ્માતમાં બનાવમાં તેમને ઈજા થયેલાનું જણાય છે. બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ સદરહુ શાહેદોની ઉલટતપાસ ધ્યાને લેતાં ઉપરોકત હકીકતોનું ખંડન થયેલ નથી. આમ, ઉપર જણાવેલ ઈસમોનું મૃત્યુ વાહન અકસ્માતમાં ઈજા થવાના કારણે થયેલ હોવાનું તથા તે જ અકસ્માતમાં હાલનાં ફરિયાદીને પણ ઈજાઓ થયેલ હોવાનું પુરવાર થાય છે.

**૧૯.** જેથી હવે આરોપી સામેનાં મૂકવામાં આવેલ તહોમત મુજબ ફરિયાદી

તથા મરણ જનારાઓને થયેલ અકસ્માત હાલનાં આરોપી ધ્વારા જ તેમનાં કબ્જાનું ટ્રેલર રજિ.નં.જીજે–૦૫–બીએકસ–૯૭૦૭ ગફલતભરી રીતે તથા બેદરકારીપૂર્વક હંકારવાનાં કારણે જ બનેલો કે કેમ ? જોવાનું રહે છે. આ સંબંધમાં ફરિયાદ પક્ષનાં પુરાવાનું મૂલ્યાંકન નીચે મુજબ કરવામાં આવે છે.

**ફરિયાદી/ઈજા પામનાર/નજરે જોનારનાં પુરાવાનું મૂલ્યાંકન :–**

**૨૦.** આ કામે ફરિયાદ પક્ષે શાહેદ નં.૧– ફરિયાદી/ઈજા પામનાર દિપ કાંતિલાલ પટેલ નાઓને આંક–૨૧ થી તપાસેલા છે. તેમણે મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, બનાવ તા.૦૨–૦૫–૨૦૨૨ નાં રોજ સાંજે સાડાપાંચ–છ વાગ્યાનાં સુમારે બનેલો. બનાવનાં દિવસે તેમના કાકા તેમના મિત્રની ઈકો કાર લઈને આવેલા અને કાકા કાર ચલાવતા હતા અને તે કારમાં ફરિયાદી પોતે, તેમના મોટા ભાઈ, કાકી, કાકાનો દિકરો રીધ્વેશ અને કાકાની સાળી મનિષાબેન વગેરે સુરત ખરીદી કરવા ગયેલા અને સાંજનાં પરત આવી રહયા હતા ત્યારે આમરી ગામની સીમમાં બનાવ બનેલો. બનાવવાળો રોડ સીધો હતો અને તેની આગળ વળાંક હતો. તે દરમ્યાન સામેથી એક કન્ટેનર ફુલ સ્પિડે આવેલ અને વળાંકમાં ડ્રાઈવરનો કાબુ ન રહેતા આ કન્ટેનર તેમની ઈકો વાહન ઉપર પલ્ટી મારી ગયેલ અને બધા કારમાં દબાઈ ગયેલા. તેઓ કારમાંથી બહાર નીકળી ગયેલા. તેમને ડાબી આંખ ઉપર, ડાબા હાથે તથા કાંડાનાં ભાગે તથા બંને પગમાં ઈજા થયેલી. બાકીનાં માણસો ઈકો કારમાં દબાઈ ગયેલા હતા. ત્યારબાદ ઘણા માણસો ભેગા થઈ ગયેલા અને કોઈએ ૧૦૮ ને ફોન કરતા એમ્બ્યુલન્સ આવતા તેમાં તેમને યશફીન હોસ્પિટલમાં લઈ ગયેલા.

આ બનાવમાં તેમના કૌટુંબિક કાકા પ્રફુલભાઈ લલ્લુભાઈ, ભાઈ રોનક કાંતિલાલ, કાકી મિનાક્ષીબેન પ્રફુલભાઈ, કાકાનો દિકરો તથા કાકાની સાળી ઈજા થવાનાં કારણે ગુજરી ગયેલા. તેઓ યશફીન હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા ત્યારે આ બનાવ બાબતે તેમણે પોલીસને ફરિયાદ આપેલી, જે આંક–૨૨ થી રજૂ છે. સદરહુ ફરિયાદીએ તેમની જુબાની સમયે કોર્ટમાં હાજર આ કામનાં આરોપીને અકસ્માત કરનાર કન્ટેનરનાં ડ્રાઈવર તરીકે ઓળખી બતાવેલ છે.

બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સદરહુ ફરિયાદીએ જણાવેલ છે કે,....

*''હું ઈકો ગાડીમાં પાછળની સાઈડે ડ્રાઈવર બાજુએ બેઠેલો હતો.''*

*''એ વાત ખરી છે કે, બનાવ અચાનક બનેલો હોય જેથી તે સમયે બનાવ કયા વાહન સાથે બનેલો તે મને સમજાયેલું નહિ.''*

*''પોલીસ મને પહેલી વાર યશફીન હોસ્પિટલમાં મળેલી.''*

*''એ વાત ખરી છે કે, પોલીસ હોસ્પિટલમાં ફરિયાદ તૈયાર કરીને લાવેલી અને તેમાં મારું નામઠામ પુછી મારી સહી લીધેલી. હવે હું કહું છું કે, પોલીસે મારી પુછપરછ બનાવ બાબતે કરેલી અને મેં જણાવેલું તે મુજબ ફરિયાદ લખી લીધેલી.''*

*''એ વાત ખરી છે કે, કયા કન્ટેનર નંબરથી અકસ્માત થયેલો અને આ કન્ટેનર કોણ ચલાવતું હતું તે હકીકત પોલીસે મને હોસ્પિટલમાં જણાવેલું.''*

*''એ વાત ખરી છે કે, બનાવ વખતે કન્ટેનર કોણ ચલાવતું હતું તે મેં જોયેલ નથી.''*

*''એ વાત ખરી છે કે આરોપીનો ફોટો મને મારા પપ્પાએ બતાવેલો હતો.''*

*''એ વાત ખરી છે કે, મેં આરોપીનો ફોટો મોબાઈલમાં જોયેલ હોય મેં તેને આજરોજ તેના આધારે ઓળખી બતાવેલ છે.''*

આમ, સદરહુ ફરિયાદીનો મૌખિક પુરાવો ઘ્યાને લેવામાં આવે તો તેઓ ઈકો ગાડીમાં પાછળની સાઈડે ડ્રાઈવર બાજુએ બેઠેલા હતા અને બનાવ અચાનક બનેલો હોય તે સમયે બનાવ કયા વાહન સાથે બનેલો તે તેમને સમજાયેલું નહિ. પ્રથમ જણાવેલ છે કે, પોલીસ હોસ્પિટલમાં ફરિયાદ તૈયાર કરીને લાવેલી અને તેમાં તેમનું નામઠામ પુછી તેમની સહી લીધેલી. વળી, કયા કન્ટેનર નંબરથી અકસ્માત થયેલો અને આ કન્ટેનર કોણ ચલાવતું હતું તે હકીકત પોલીસે તેમને હોસ્પિટલમાં જણાવેલી છે. બનાવ વખતે કન્ટેનર કોણ ચલાવતું હતું તે તેમણે જોયેલ નથી, આરોપીનો ફોટો તેમને તેમના પપ્પાએ બતાવેલો હતો, જે ફોટો તેમણે મોબાઈલમાં જોયેલ હોય તેના આધારે આરોપીને કોર્ટમાં ઓળખી બતાવેલ છે. આમ, હાલનો અકસ્માત ખરેખર કેવી રીતે બનેલો, કન્ટેનરનો નંબર શુ હતો તથા તેના ચાલક કોણ હતા તે તેમણે જોયેલ નથી અને આરોપીનો ફોટો તેમનાં પપ્પાએ બતાવેલ હોઈ આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. અકસ્માત કરનાર કન્ટેનરનો નંબર તથા તેના ચાલકની જાણકારી પોલીસે તેમને આપેલી હોવાનું જણાય છે. જેથી સદરહું અકસ્માતવાળા બનાવમાં સંડોવાયેલ કન્ટેનરનાં ચાલક બનાવ સમયે હાલનાં આરોપી જ હતા તેવી આરોપીની ઓળખ સદરહુ બનાવ નજરે જોનાર/ઈજા પામનાર/ફરિયાદીનાં કોર્ટ સમક્ષનાં પુરાવાથી સ્થાપિત થતી નથી.

એટલું જ નહિ, અકસ્માતમાં સંડોવાયેલ વાહન કન્ટેનર પુરઝડપે, ગફલતભરી રીતે અને બેદરકારીપૂર્વક આવેલ હોય અને તેના કારણે હાલનો અકસ્માત થયેલ હોય તેવું માનવા માટે પણ કોઈ હકીકત સદરહુ ફરિયાદીનાં પુરાવામાં જણાઈ આવેલ નથી.

**શાહેદોનાં પુરાવાનું મૂલ્યાંકન :–**

**૨૧.** આ કામે ફરિયાદ પક્ષે શાહેદ નં.૮ સંજયકુમાર છગનભાઈ પટેલ નાઓએ આંક–પ૩ થી મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તેમનાં ફળિયામાં રહેતા રાકેશભાઈ છોટુભાઈ પટેલની ઈકો કાર નં.જીજે–૨૧ –સીએ–૪૨૩૩ હતી, જેને તા.૦૨–૦પ–૨૦૨૨ નાં રોજ અકસ્માત થયાની જાણ તેમને થતાં તેઓ સ્થળ પર ગયેલા, જયાં એક કન્ટેનર કાર ઉપર પડતા ઈકો કાર આખી ચપ્પટ થઈ ગયેલી હતી, જેમાં થી લાશો બહાર કાઢેલી. ઈજા પામનાર દિપને યશફીન હોસ્પિટલમાં લઈ જવામાં આવેલ હોઈ તેઓ યશફીન હોસ્પિટલમાં ગયેલા, જયાં દિપે તેમને જણાવેલ કે કન્ટેનર સુરત તરફથી પડઘા તરફ આવતુ હતું અને તે સ્પિડમાં હોય પલ્ટી મારીને ઈકો કાર પર પડેલું.

બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં સદરહુ શાહેદે જણાવેલ છે કે,...

*''એ વાત ખરી છે કે, બનાવ મેં નજરોનજર જોયો નથી.''*

*''એ વાત ખરી છે કે, અમે બનાવ સ્થળે પહોંચ્યા ત્યારે દિપ ત્યાં હાજર ન હતો.''*

*''એ વાત ખરી છે કે, બનાવ કેવી રીતે બનેલો તે બનાવની હકીકત પોલીસે મને જણાવેલી.''*

આમ, સદરહુ શાહેદનો મૌખિક પુરાવો ધ્યાને લેતાં

તેમણે બનાવ નજરે જોયો નથી પરંતુ અકસ્માતની જાણ થતાં તેઓ સ્થળ પર ગયેલા અને ત્યાં ઈકો કાર પર કન્ટેનર પડેલું અને અકસ્માત થયેલો જેમાં લાશો દબાયેલી હોવાનું તથા ફરિયાદી દિપને ઈજા થયેલ હોવાનું જણાય છે. અકસ્માત કેવી રીતે બનેલો તે બનાવની હકીકત તેમને પોલીસે જણાવેલી હોવાનું જણાય છે. આ સિવાય આ કામનાં આરોપીને સદર ગુના સાથે સાંકળી શકાય તથા આરોપીની બનાવ સ્થળે અને સમયે હાજરી તથા આરોપીની બેદરકારી બાબતે કોઈ જ હકીકત સદરહુ શાહેદનાં પુરાવામાં જણાઈ આવેલ નથી.

**૨૨.** ત્યારબાદ, આ કામે ફરિયાદ પક્ષે શાહેદ નં.૯ રાકેશભાઈ છોટુભાઈ પટેલે આંક-૫૪ થી મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તેમની પાસે ઈકો કાર નં. જીજે-૨૧-સીએ-૪૨૩૩ હતી, જે બનાવ તા.૦૨-૦૫-૨૦૨૨ નાં રોજ તેમનાં ફળિયામાં રહેતા પ્રફુલભાઈ લલ્લુભાઈ પટેલ લઈ ગયેલા હતા અને સાંજે ફોનથી જાણ થયેલી કે ધોળાપીપળા પાસે અકસ્માત થયેલ છે, જેથી તેઓ સ્થળ પર ગયેલા અને જોયેલ તો ત્યાં તેમની ગાડી ઉપર કન્ટેનર પડેલું હતું અને તેમની ગાડી દબાઈ ગયેલી હતી, જેમાંનાં માણસો દબાઈ ગયેલા હતા. ત્યારબાદ પોલીસ અને આજુબાજુના લોકોએ ગાડીમાંથી મરણ જનાર કુલ પાંચ જણાને બહાર કાઢેલા. આ અકસ્માતમાં દિપ બચી ગયેલો. તેમણે તેમની ગાડીનાં પેપર્સ પોલીસને આપેલા.

બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં સદરહુ શાહેદે જણાવેલ છે કે,...

*''એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા નેશનલ હાઈવે નં.૮ વાળો ધોળાપીપળા નજીકનો રોડ છે.''*

*''એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા નેશનલ હાઈવે હોઈ, વાહનોની અવરજવર ચાલુ હોય છે.''*

*''એ વાત ખરી છે કે, બનાવ મેં નજરોનજર જોયેલ ન હોય, બનાવ બાબતે મને કોઈપણ પ્રકારની અંગત માહિતી નથી.''*

આમ, સદરહુ શાહેદનો મૌખિક પુરાવો ધ્યાને લેતાં અકસ્માતવાળી ઈકો કાર તેમની માલિકીની હતી અને બનાવનાં દિવસે પ્રફુલભાઈ તે ઈકો કાર લઈને ગયેલા હતા અને તેને અકસ્માત થયેલો અને અકસ્માતની જાણ થતાં આ શાહેદ સ્થળ પર ગયેલા, જયાં ઈકો કાર ઉપર કન્ટેનર પડેલું હતું અને કારમાં માણસો દબાઈ ગયેલા હતા અને તેમાંથી મરણ જનાર કુલ પાંચ જણાની લાશો કાઢેલી અને અકસ્માતમાં દિપ બચી ગયેલો હતો. આ સિવાય આ કામનાં આરોપીને સદર ગુના સાથે સાંકળી શકાય તથા આરોપીની બનાવ સ્થળે અને સમયે હાજરી તથા આરોપીની બેદરકારી બાબતે કોઈ જ હકીકત સદરહુ શાહેદનાં પુરાવામાં જણાઈ આવેલ નથી.

**૨૩.** ત્યારબાદ, આ કામે ફરિયાદ પક્ષે શાહેદ નં.૧૦ નામદેવ દાદાસાહેબ દબડે નાઓએ આંક-૫૮ થી મૌખિક પુરાવામાં જણાવેલ છે કે તેઓ ટ્રાન્પોર્ટનો ધંધો કરે છે. તેઓ ટ્રેઈલર ભાડે ફેરવે છે. ટ્રેઈલર નં. જીજે-૫-બીએક્ષ-૯૭૦૭ તેમનાં છોકરાના નામે ખરીદેલ હતું અને તે ટ્રેઈલર ઉપર ડ્રાઈવર તરીકે સંજય ધ્રુવ કામ કરતા હતા. સને ૨૦૨૨ નાં પાંચમા મહિનામાં નવસારી પોલીસ સ્ટેશનથી તેમને ફોન આવેલો અને તેમની ગાડીને અકસ્માત થયેલ અને તેમાં પાં ચ માણસો મરી ગયા હોવાનું જણાવવામાં આવેલ. જેથી તેઓ બીજા દિવસે પોલીસ સ્ટેશને આવેલા અને ટ્રેઈલરની નીચે કાર દબાઈ ગયેલ

હોવાનું જાણેલું તેમજ તેમણે ગાડીનાં કાગળો પોલીસને આપેલા. તેમણે આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં સદરહુ શાહેદે જણાવેલ છે કે,...

*''એ વાત ખરી છે કે, ટ્રકની ઉપર જે કન્ટેનર મૂકવામાં આવે છે, તે અલગથી નટબોલ્ટથી ફીટ કરવામાં આવે છે.''*

*''એ વાત ખરી છે કે, અમારે ત્યાંથી ટ્રેઈલર નીકળેલ ત્યારે તે ટ્રેઈલરમાં કન્ટેનર બાબતે મારા તરફથી ચકાસણી કરેલ નહિ.''*

*''એ વાત ખરી છે કે, મારે ત્યાં દશ વાહનો અને દશ ડ્રાઈવરો છે.''*

*''એ વાત ખરી છે કે, અમારા ટ્રાન્સપોર્ટેશનમાં જે વાહન ડ્રાઈવર અવેલેબલ હોય તે ડ્રાઈવરને મારો ટ્રાન્સપોર્ટેશનનો સ્ટાફ વાહન લઈને મોકલી આપે છે.''*

*''એ વાત ખરી છે કે, આ કન્ટેનર લઈને સંજયભાઈને મેં મોકલેલ હોય તેવું બનેલ નહિ.''*

*''એ વાત ખરી છે કે, આરોપી ઘણા વર્ષોથી મારે ત્યાં કામ કરતો હોય તે કારણથી હું તેને ઓળખું છું.''*

આમ, સદરહુ શાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો અકસ્માતમાં સંડોવાયેલ કન્ટેનર તેમની ટ્રાન્સપોર્ટ કંપનીનું હોવાનું જણાય છે. અકસ્માતની જાણ તેમને પોલીસ સ્ટેશન તરફથી ફોન મારફત થયેલી છે. અકસ્માતમાં પાંચ માણસો મરી ગયેલા હતા. પરંતુ આ અકસ્માતવાળું કન્ટેનર લઈને હાલનાં આરોપીને સદરહુ શાહેદે મોકલેલા હોય તેવું બનેલ નથી. આમ, આ શાહેદનાં મૌખિક પુરાવાથી પણ અકસ્માતમાં સંડોવાયેલ કન્ટેનરનાં

બનાવ સમયે ચાલક હાલનાં આરોપી જ હતા કે કેમ તે હકીકત સ્પષ્ટ થતી નથી. એટલું જ નહિ, સદરહું અકસ્માતવાળા કન્ટેરનાં ચાલકની અકસ્માતમાં બેદરકારી હોવા બાબતે પણ કોઈ હકીકત સદરહુ શાહેદનાં પુરાવામાં જણાઈ આવેલ નથી.

**૨૪.** ત્યારબાદ, આ કામે ફરિયાદ પક્ષે શાહેદ નં.૧૧ જીવનભાઈ નામદેવભાઈ દબડે નાઓએ આંક–૫૯ થી મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તેઓ તેમનાં પિતા સાથે ટ્રાન્સપોર્ટેશનનો ધંધો કરે છે. ટ્રેઈલર નં. જીજે–૫–બીએક્ષ–૯૭૦૭ તેમનાં નામે છે. સદરહુ ટ્રેઈલર અંગેનાં ઝેરોક્ષ દસ્તાવેજો કે જેમાં આર.ટી.ઓ. ઈન્સ્યુરન્સ, પી.યુ.સી., ટેક્ષ રીસીપ્ટ, આર.સી.બુક વગેરે છે તે તેમની ઉપરોકત ગાડીનાં હોવાનું જણાવી તેમણે ઓળખી બતાવેલ છે, જે આંક–૬૦ થી રજૂ થયેલ છે. શાહેદે વધુમાં જણાવેલ છે કે સદરહુ વાહન તેમને સકીલ શેર સિંગ પાસેથી વેચાણ કરાર આધારે વેચાણ રાખેલ, જે કરારમાં તેમની સહી ઓળખી બતાવેલ છે, જે આંક–૬૧ થી રજૂ થયેલ છે.

બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં સદરહુ શાહેદે જણાવેલ છે કે,...

*''એ વાત ખરી છે કે, કહેવાતા બનાવ સમયે હું ટ્રાન્સપોર્ટેશનનાં વ્યવસાય સાથે સંકળાયેલ ન હતો.''*

*''એ વાત ખરી છે કે, મારા નામનું ઉપરોકત ટ્રેઈલર કોને ડ્રાઈવીંગ માટે આપતા હતા તે બાબતની મને જાતમાહિતી નથી.''*

આમ, સદરહુ શાહેદનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો સદરહુ અકસ્માતમાં સંડોવાયેલ ટ્રેઈલર /કન્ટેનર આ શાહેદનાં નામે એટલે કે તેમની માલિકીનું હોવાનું જણાય છે. પરંતુ, આ અકસ્માત

વખતે સદરહુ કન્ટેનરનાં ડ્રાઈવર હાલનાં આરોપી હતા તેમજ આરોપીની જ બેદરકારીને કારણે અકસ્માત બનેલો હોય તે દર્શાવતી કોઈ જ હકીકત સદરહુ શાહેદનાં મૌખિક પુરાવામાં જણાઈ આવેલ નથી.

**૨૫.** ત્યારબાદ, આ કામે ફરિયાદ પક્ષે શાહેદ નં.૧૨ ભરતભાઈ બળવતરાય નાયક નાઓને આંક–૬૩ થી તપાસેલા છે. તેમણે મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સને ૨૦૨૨ માં બનેલો. ધોળાપીપળા ગામનાં રોડ ઉપર તેમનું ખેતર આવેલ છે અને ત્યાં આગળ એક કન્ટેનર ઈકો ગાડી ઉપર પડેલું અને ત્યાં આગળ ઘણા માણસો ભેગા થયેલા. આ અકસ્માત બાબતેતેમણે ન્યુઝ પેપરમાં વાંચેલું અને તેથી તેમને અકસ્માતની ખબર પડેલી. તેમની તેમની મિલ્કતનો ૭/૧૨ નો ઉતારોપોલીસને આપેલો અને પોલીસે તેમનું નિવેદન લીધેલું.

બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં સદરહુ શાહેદે જણાવેલ છે કે,...

*''એ વાત ખરી છે કે, કહેવાતો બનાવ બનેલ ત્યારે હું ઘરે હતો, તેથી બનાવ વિશે મને કોઈ જાતમાહિતી નથી.''*

*''એ વાત ખરી છે કે, બનાવ બાબતે મેં ન્યુઝપેપરમાં વાંચતા મને જાણ થયેલી.''*

આમ, સદરહુ શાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેમણે બનાવ નજરે જોયેલ નથી અને ન્યુઝપેપરમાં વાંચતા તેમને બનાવની જાણ થયેલી છે. જેથી આ અકસ્માતમાં સંડોવાયેલ વાહન કન્ટેનરનાં ચાલક કોણ હતા તેમજ અકસ્માત કેવી રીતે થયેલો તે અંગેની કોઈ જ હકીકત આ શાહેદનાં પુરાવામાં રેકર્ડ પર આવેલ નથી અને હાલનાં આરોપીને સદર અકસ્માતવાળા બનાવ સાથે સાંકળતી

કોઈ જ કડી આ શાહેદનાં પુરાવામાં જણાઈ આવેલ નથી.

**પંચ શાહેદોનાં પુરાવાનું મૂલ્યાંકન :–**

**૨૬.** આ કામે ફરિયાદ પક્ષે શાહેદ નં.પ પ્રકાશભાઈ ગોપીચંદભાઈ પાટીલ નાઓને આંક–૪૭ થી તથા શાહેદ નં.૬ નાથુભાઈ રણછોડભાઈ પટેલ નાઓને આંક–૪૯ થી તપાસેલા છે. તેઓએ મૌખિક પુરાવામાં જણાવેલ છે કે પોલીસે તેમને આમરી ગામની સીમમાં પંચમાં બોલાવેલા અને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલું. અકસ્માત કન્ટેનર અને ઈકો કાર વચ્ચે થયેલો અને ઈકો ગાડીમાં દબાઈ ગયેલા ઈસમોને બહાર કાઢી ટેમ્પોમાં દવાખાને લઈ ગયેલા. તેઓએ ગુનાવાળી જગ્યાનાં પંચનામામાં તેમની સહીઓ ઓળખી બતાવેલ છે, જે ગુનાવાળી જગ્યાનું પંચનામું આંક–૪૮ થી રજૂ થયેલ છે. તેઓએ વધુમાં એવું પણ જણાવેલ છે કે, આ પંચનામામાં જણાવેલ હકીકતો બાબતે તેઓ કશું જાણતા નથી કે તેવી કોઈ હકીકતો તેઓએ પંચનામામાં લખાવેલ નથી.

સદરહુ બંને પંચોને ફરિયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ છે, પરંતુ તેમાં પણ ઉપરોકત પંચનામાની હકીકતોને સમર્થનકારી કોઈ હકીકત તેઓએ જણાવેલ નથી.

આમ, સદરહુ પંચ શાહેદોનાં મૌખિક પુરાવાથી ગુનાવાળી જગ્યાનું આંક–૪૮ વાળું પંચનામું પુરવાર થયેલ નથી અને ફરિયાદ પક્ષનાં કેસને સમર્થન સાપડેલ નથી.

**૨૭.** ત્યારબાદ, ફરિયાદ પક્ષે શાહેદ નં.૭ નુરખાન રસુલખાન પઠાણ

નાઓને આંક–૫૧ થી તથા શાહેદ નં.૧૩ રીયાઝ નિઝામુદ્દીન શેખ નાઓને આંક–૬૪ થી તપાસેલા છે. તેઓએ મૌખિક પુરાવામાં જણાવેલ છે કે નવસારી રૂરલ પોલીસે તેમને પંચમાં બોલાવેલા અને તૈયાર પંચનામામાં તેમની સહીઓ લીધેલી. તેઓએ આ કામે ફરિયાદ પક્ષે રજૂ કરેલ આરોપીની શરીરસ્થિતિનું પંચનામું બતાવવામાં આવતા તેમાં માત્ર તેમની સહીઓ ઓળખી ઓળખી બતાવેલ છે, જે આરોપીની શરીરસ્થિતિનું પંચનામું આંક–૫૨ થી રજૂ થયેલ છે.

સદરહુ બંને પંચોને ફરિયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ છે, પરંતુ તેમાં પણ ઉપરોકત પંચનામાની હકીકતોને સમર્થનકારી કોઈ હકીકત તેઓએ જણાવેલ નથી.

આમ, સદરહુ પંચ શાહેદોનાં મૌખિક પુરાવાથી આરોપીની શરીરસ્થિતિનું આંક–૫૨ વાળું પંચનામું પુરવાર થયેલ નથી અને ફરિયાદ પક્ષનાં કેસને સમર્થન સાપડેલ નથી.

**પોલીસ શાહેદ / ત.ક.અમલદારનાં પુરાવાનું મૂલ્યાંકન :–**

**૨૮.** આ કામે ફરિયાદ પક્ષે શાહેદ નં.૧૪ પી.આઈ. કલ્પેશભાઈ લક્ષ્મણભાઈ પટણી નાઓએ આંક–૬૭ થી મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તા.૦૨–૦૫–૨૦૨૨ નાં રોજ તેઓ પી.આઈ. તરીકે નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા તે વખતે આ કામના ફરિયાદી દિપ કાંતિલાલ પટેલ નાઓએ તેમની રૂબરૂ ફરિયાદ આપતા વિગતવારની ફરિયાદ તેમણે લખી લીધેલી, જે આંક–૨૨ વાળી ફરિયાદ ઓળખી બતાવેલ છે. ત્યારબાદ સદર

ફરિયાદનાં આધારે ગુનો રજિસ્ટર કરેલ અને આગળની તપાસ તેમણે સંભાળી લીધેલી. તેમણે લાગતા વળગતા શાહેદોનાં નિવેદનો લીધેલા, આરોપી સંજય ધ્રુવ ઠાકોરની શરીરસ્થિતિનું પંચનામું તા.૦૨–૦૫–૨૦૨૨ નાં રોજ કરી કામમાં સામેલ રાખેલ અને ડ્રાઈવીંગ લાયસન્સ અને આધારકાર્ડની નકલ કબ્જે કરેલ, ગુનાનાં કામે આરોપીની અટક કરેલી, જે આંક–પર વાળું પંચનામું તેમણે ઓળખી બતાવેલ છે. આ ગુનાનાં કામે મરણ જનાર પ્રફુલભાઈ, રોનક, મિનાક્ષીબેન, રિધ્વેશ, મનિષાબેન નાઓનાં ઈન્કવેસ્ટ પંચનામા તથા પી.એમ. માટે પી.વી.પાટીલને મોકલી આપેલ, જે ઈન્કવેસ્ટ પંચનામું અને લાશ સોંપ્યાની પાવતી આવતાં કામમાં સામેલ રાખેલ. એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું આંક–૪૮ વાળું પંચનામું કરેલ, એફ.એસ.એલ. અધિકારીએ આપેલ પરીક્ષણ અહેવાલ તપાસનાં કાગળોમાં સામેલ રાખેલ, અકસ્માત થયેલ કન્ટેનર જીજે–૦૫–બીએક્ષ–૯૭૦૭ તથા ઈકો કાર નં. જીજે–૨૧–સીએ–૪૨૩૩ નાં આર.ટી.ઓ. અધિકારીઓ ધ્વારા આપવામાં આવેલ પરીક્ષણ અહેવાલ તપાસનાં કાગળો સાથે સામેલ રાખેલ, પી.એમ. નોટ આવેલ તે સામેલ રાખેલ તેમજ આરોપી વિરૂધ્ધ પૂરતા પુરાવા જણાતા સમયમર્યાદામાં નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલું. સદરહુ શાહેદ–ત.ક.અમલદાર નાઓએ આ કામનાં આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

સદરહુ ત.ક.અમલદારનાં મૌખિક પુરાવા દરમ્યાન આ કામે એફ.એસ.એલ. અધિકારીએ આપેલ પરીક્ષણનો અહેવાલ

આંક–૬૮ થી, પી.એસ.ઓ.ને ગુનો રજિસ્ટર કરવા મોકેલ યાદી આંક–૬૯ થી, પી.એસ.ઓ.એ ગુનો રજિસ્ટર કરી તપાસ સોંપણી અંગેની મોકલેલ યાદી આંક–૭૦ થી, નાયબ પોલીસ અધિક્ષક નાઓને ગુનાવાળી જગ્યાએ નિરીક્ષણ કરવા પરધારવા લખેલ યાદી આંક–૭૧ થી, આર.ટી.ઓ.અધિકારીશ્રીને ગુનાવાળી જગ્યાએ નિરીક્ષણ કરવા લખેલ યાદી આંક–૭૨ થી, મરણ જનારાઓની લાશનાં ઈન્કવેસ્ટ કરવા માટે કાર્યપાલક મેજિસ્ટ્રેટ–નવસારી ગ્રામ્ય નાઓને લખેલ યાદી આંક–૭૩ થી, આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ આપવા માટે નવસારી સિવિલ હોસ્પિટલને લખેલ યાદી આંક–૭૪ થી તથા તે આધારે મેડીકલ ઓફિસરે આપેલ આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ આંક–૭૫ થી, ફરિયાદીનું મેડીકલ સર્ટીફીકેટ આપવા માટે યશફીન હોસ્પિટલને લખેલ યાદી આંક–૭૬ થી, શાહેદ રાકેશભાઈ છોટુભાઈ પટેલ નાઓએ તેમની ઈકો કાર નં.જીજે–૧–સીએ–૪૨૩૩ નાં રજિસ્ટ્રેશનનાં કાગળો તથા આર.સી.બુકની આપેલ ઝેરોક્ષ નકલો આંક–૭૭ થી, આર.ટી.ઓ. નવસારી નાએ ટ્રેલર નં. જીજે–૦૫–બીએક્ષ–૯૭૦૭ નો આપેલ એકસિડેન્ટ રિપોર્ટ આંક–૭૮ થી, આર.ટી.ઓ. નવસારી નાએ ઈકો કાર નં.જીજે–૨૧–સીએ–૪૨૩૩ નો આપેલ એકસિડેન્ટ રિપોર્ટ આંક–૭૯ થી, શિવગણેશ ટ્રાન્સપોર્ટનો ઓથોરીટી લેટર તથા ઈન્વોઈસ બીલ વિગેરે તપાસનાં કામે કબ્જે કરેલા તે આંક–૮૦ થી, ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા માટે વિસ્તરણ અધિકારી–નવસારી ગ્રામ્ય તથા તાલુકા વિકાસ અધિકારી નાઓને લખેલ યાદીઓ અનુક્રમે આંક–૮૧ અને ૮૨ થી, તાલુકા વિસાસ અધિકારીએ

પી.આઈ.શ્રી–નવસારી રૂરલને નકશો બનાવવા લખેલ યાદી આંક–૮૩ થી, વિસ્તરણ અધિકારીએ પી.આઈ.શ્રી, નવસારી રૂરલને નકશો બનાવવા લખેલ યાદી આંક–૮૪ થી, ગુનાવાળી જગ્યાનો નકશો આંક–૮૫ થી તથા ગુનાવાળી જગ્યાના, વાહનનાં અને મરણ જનાર નાઓનાં તપાસનાં કામે મેળવેલ ફોટા આંક–૮૬ થી પુરાવામાં દાખલ થયેલ છે.

બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં સદરહુ શાહેદ–ત.ક.અમલદારે જણાવેલ છે કે,...

*''એ વાત ખરી છે કે, જે જગ્યાએ અકસ્માત થયેલો તે જગ્યાએ રાજય ધોરી માર્ગ આવેલ છે.''*

*''એ વાત ખરી છ કે જે જગ્યાએ અકસ્માત થયેલ તે જગ્યાએ ટ્રેલર અને તે પ્રકારનાં ભારે વાહનો પ્રતિબંધીત હોય તેવું કોઈ જાહેરનામું અમલમાં હતું નહિ.''*

*''એ વાત ખરી છે કે, જે જગ્યાએ અકસ્માત થયેલો ત્યાં તીવ્ર વળાંક આવેલ હતો.''*

*''એ વાત ખરી છે કે, જે ટ્રેલર હોય છે તે ટ્રેલર ઉપર કંટેનરને નટબોલ્ટથી ફીટ કરવામાં આવે છે.''*

*''એ વાત ખરી છે કે, ટ્રેલરનાં આગળના ભાગનાં પાર્ટસ ઉપર અકસ્માત થયેલ હોય તેવા કોઈ ચિન્હો જણાઈ આવેલ નહિ.''*

*''એ વાત ખરી છે કે, મારી તપાસમાં એવી હકીકત ખુલેલી કે, અકસ્માતવાળું ટ્રેલર અને કંટેનર બોરીયાચ ટોલનાકું ક્રોસ કરીને બનાવવાળી જગ્યાએ આવેલ હતું.''*

*''એ વાત ખરી છે કે, બોરીયાચ ટોલનાકા પર સી.સી.ટી.વી. કેમેરા લાગેલા છે.''*

*''એ વાત ખરી છે કે, બોરીયાચ ટોલનાકાનાં સી.સી.ટી.વી. કેમેરા ચેક કરીને અકસ્માતવાળું ટ્રેલર કોણ ચલાવતું હતું તેની ચોકકસ માહિતી મળી શકે.''*

*''એ વાત ખરી છે કે, આ તપાસમાં મારે બોરીયાચ ટોલનાકાનાં સી.સી.ટી.વી. કેમેરા ચેક કરવાનો કોઈ પ્રસંગ બનેલ નથી.''*

*''એ વાત ખરી છે કે બનાવ અગાઉથી ફરિયાદી આ કામનાં આરોપીને નામોજગ ઓળખતા ન હતા.''*

આમ, સદરહુ પોલીસ શાહેદ–ત.ક.અમલદારનો મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેમનાં પુરાવામાં મહત્વની એ હકીકત જણાઈ આવેલ છે કે, ગુનાવાળી જગ્યા રાજય ધોરી માર્ગ છે અને તેનાં ઉપર ભારે વાહનો પ્રતિબંધીત હોવાનું કોઈ જાહેરનામું અમલમાં ન હતું, બનાવવાળી જગ્યાએ તીવ્ર વળાંક આવેલ છે તથા ટ્રેલરનાં આગળના ભાગનાં પાર્ટસ ઉપર અકસ્માત થયેલ હોય તેવા કોઈ ચિન્હો જણાઈ આવેલ નહિ. એટલું જ નહિ, અકસ્માતમાં સંડોવાયેલ કન્ટેનરનાં ચાલકની ઓળખ માટે બોરીયાચ ટોલનાકાનાં સી.સી.ટી.વી. ફુટેજ ઉપલબ્ધ થઈ શકે તેમ હોવા છતાં તેવા કોઈ પુરાવા તપાસ દરમ્યાન એકઠાં કરવામાં આવેલ નથી. આ સિવાય, આ ગુનાની ફરિયાદ જાહેર થઈ ત્યારથી તે ગુનાનું ચાર્જશીટ રજૂ કરવામાં આવ્યું ત્યાં સુધી સદરહુ ત.ક.અમલદાર ધ્વારા જે કંઈ કામગીરી તેમની ફરજનાં

ભાગરૂપે કરવામાં આવેલી, તે તેમની જુબાનીમાં જણાવી તે મુજબ ફરિયાદ પક્ષને સમર્થનકારી પુરાવો આપેલ છે.

**કોર્ટનું તારણ :-**

**૨૯.** ઉપર શાહેદોનાં પુરાવામાં વિસ્તૃત રીતે જે તે શાહેદનાં પુરાવાનું મૂલ્યાંકન કરી દેવામાં આવેલ છે, જે ધ્યાને લેવામાં આવે તો આ કામે સૌથી મહત્વના શાહેદ નં.૧ આ કામનાં ફરિયાદી દિપ કાંતિલાલ પટેલ (આંક–૨૧) નાઓ છે કે જેઓ ફરિયાદ પક્ષનાં કેસ મુજબ બનાવ સમયે અકસ્માતમાં ભોગ બનેલ ઈકો કારમાં મુસાફરી કરી રહયા હતા અને અકસ્માતમાં તેમને પણ ઈજાઓ થયેલી છે. સદરહુ ફરિયાદીનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં તેઓ ઈકો ગાડીમાં પાછળની સાઈડે ડ્રાઈવર બાજુએ બેઠેલા હતા અને બનાવ અચાનક બનેલો હોય તે સમયે બનાવ કયા વાહન સાથે બનેલો તે તેમને સમજાયેલું નહિ. પ્રથમ જણાવેલ છે કે, પોલીસ હોસ્પિટલમાં ફરિયાદ તૈયાર કરીને લાવેલી અને તેમાં તેમનું નામઠામ પુછી તેમની સહી લીધેલી. વળી, કયા કન્ટેનર નંબરથી અકસ્માત થયેલો અને આ કન્ટેનર કોણ ચલાવતું હતું તે હકીકત પોલીસે તેમને હોસ્પિટલમાં જણાવેલી છે. બનાવ વખતે કન્ટેનર કોણ ચલાવતું હતું તે તેમણે જોયેલ નથી, આરોપીનો ફોટો તેમને તેમના પપ્પાએ બતાવેલો હતો, જે ફોટો તેમણે મોબાઈલમાં જોયેલ હોય તેના આધારે આરોપીને કોર્ટમાં ઓળખી બતાવેલ છે. આમ, હાલનો અકસ્માત ખરેખર કેવી રીતે બનેલો, કન્ટેનરનો નંબર શુ હતો તથા તેના ચાલક કોણ હતા તે તેમણે જોયેલ નથી અને આરોપીનો ફોટો તેમનાં પપ્પાએ બતાવેલ હોઈ આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ

છે. અકસ્માત કરનાર કન્ટેનરનો નંબર તથા તેના ચાલકની જાણકારી પોલીસે તેમને આપેલી હોવાનું જણાય છે. જેથી સદરહું અકસ્માતવાળા બનાવમાં સંડોવાયેલ કન્ટેનરનાં ચાલક બનાવ સમયે હાલનાં આરોપી જ હતા તેવી આરોપીની ઓળખ સદરહુ બનાવ નજરે જોનાર/ઈજા પામનાર/ફરિયાદીનાં કોર્ટ સમક્ષનાં પુરાવાથી સ્થાપિત થતી નથી. એટલું જ નહિ, અકસ્માતમાં સંડોવાયેલ વાહન કન્ટેનર પુરઝડપે, ગફલતભરી રીતે અને બેદરકારીપૂર્વક આવેલ હોય અને તેના કારણે હાલનો અકસ્માત થયેલ હોય તેવું માનવા માટે પણ કોઈ હકીકત સદરહુ ફરિયાદીનાં પુરાવામાં જણાઈ આવેલ નથી.

ત્યારબાદ, આ કામે અકસ્માતમાં સંડોવાયેલ ટકન્ટેનરની ટ્રાન્સપોર્ટ કંપનીનાં માલિક તથા કન્ટેનરનાં માલિક એવા શાહેદ નં.૧૦ નામદેવ દાદાસાહેબ દબડે (આંક-૫૮) તથા શાહેદ નં.૧૧ જીવનભાઈ નામદેવભાઈ બદડે (આંક-૫૯) નાઓનાં મૌખિક પુરાવાથી પણ હાલનાં અકસ્માતમાં સંડોવાયેલ કન્ટેનરનાં બનાવ સમયે ચાલક હાલનાં આરોપી જ હતા કે કેમ તે હકીકત સ્પષ્ટ થતી નથી. એટલું જ નહિ, સદરહું અકસ્માતવાળા કન્ટેરનાં ચાલકની અકસ્માતમાં બેદરકારી હોવા બાબતે પણ કોઈ હકીકત સદરહુ શાહેદોનાં પુરાવામાં જણાઈ આવેલ નથી.

આ ઉપરાંત, ઉપર મેડીકલ શાહેદોનાં મૌખિક પુરાવાની ચર્ચા કરી તે મુજબ તેઓનાં મૌખિક પુરાવાથી પણ આ કામે અકસ્માતવાળા બનાવમાં સંડોવાયેલ કન્ટેનરનાં બનાવ સમયે ચાલક હાલનાં આરોપી જ હોવાની હકીકતને સમર્થન સાપડેલ નથી.

તપાસવામાં આવેલ શાહેદ નં.૮ સંજયકુમાર છગનભાઈ પટેલ (આંક–૫૩), શાહેદ નં.૯ રાકેશભાઈ છોટુભાઈ પટેલ (આંક–૫૪) તથા શાહેદ નં.૧૨ ભરતભાઈ બળવંતરાય નાયક (આંક–૬૩) નાઓ બનાવના નજરે જોનાર શાહેદો નથી અને તેઓનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં પણ આ અકસ્માત વખતે સદરહુ કન્ટેનરનાં ડ્રાઈવર હાલનાં આરોપી જ હોય અને તેમની જ બેદરકારીને કારણે અકસ્માત બનેલો હોય તે દર્શાવતી કોઈ જ હકીકત સદરહુ શાહેદોનાં મૌખિક પુરાવામાં જણાઈ આવેલ નથી.

આ ઉપરાંત તપાસવામાં આવેલ ગુનાવાળી જગ્યાના પંચનામા આંક–૪૮ નાં પંચો એવા શાહેદ નં.૫ પ્રકાશભાઈ પાટીલ (આંક–૪૭) તથા શાહેદ નં.૬ નાથુભાઈ રણછોડભાઈ પટેલ (આંક–૪૯) નાઓનાં પુરાવાથી આંક–૪૮ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામાની વિગતો પુરવાર થયેલ નથી. તે જ રીતે પંચ શાહેદ નં.૭ નુરખાન પઠાણ (આંક–૫૧) તથા શાહેદ નં.૧૩ રીયાઝ શેખ (આંક–૬૪) નાઓનાં મૌખિક પુરાવાથી આંક–૫૨ વાળા આરોપીની શરીરસ્થિતિનાં પંચનામાની હકીકતો પુરવાર થયેલ નથી. આમ, તપાસવામાં આવેલ તમામ પંચોનાં મૌખિક પુરાવાથી ફરિયાદ પક્ષને સમર્થન સાપડેલ નથી.

જયારે, આ કામે તપાસવામાં આવેલ શાહેદ નં.૧૪ ત.ક.અમલદાર કલ્પેશભાઈ પટણી (આંક–૬૭) નો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો ગુનાવાળી જગ્યા રાજય ધોરી માર્ગ છે અને તેનાં ઉપર ભારે વાહનો પ્રતિબંધીત હોવાનું કોઈ જાહેરનામું અમલમાં ન હતું, બનાવવાળી જગ્યાએ તીવ્ર વળાંક આવેલ છે તથા ટ્રેલરનાં આગળના

ભાગનાં પાર્ટસ ઉપર અકસ્માત થયેલ હોય તેવા કોઈ ચિન્હો જણાઈ આવેલ નહિ. એટલું જ નહિ, અકસ્માતમાં સંડોવાયેલ કન્ટેનરનાં ચાલકની ઓળખ માટે બોરીયાચ ટોલનાકાનાં સી.સી.ટી.વી. ફુટેજ ઉપલબ્ધ થઈ શકે તેમ હોવા છતાં તેવા કોઈ પુરાવા તપાસ દરમ્યાન એકઠાં કરવામાં આવેલ નથી. આ સિવાય, આ ગુનાની ફરિયાદ જાહેર થઈ ત્યારથી તે ગુનાનું ચાર્જશીટ રજૂ કરવામાં આવ્યું ત્યાં સુધી સદરહુ ત.ક.અમલદાર ધ્વારા જે કંઈ કામગીરી તેમની ફરજનાં ભાગરૂપે કરવામાં આવેલી, તે તેમની જુબાનીમાં જણાવી તે મુજબ ફરિયાદ પક્ષને સમર્થનકારી પુરાવો આપેલ છે. સાથોસાથ ઉપર કરેલ સમગ્ર ચર્ચા ધ્યાને લેતાં મહત્વના શાહેદ એવા ફરિયાદી/નજરે જોનાર/ઈજા પામનાર નાઓનાં પુરાવાથી તેમજ અન્ય શાહેદોનાં પુરાવાથી સદરહુ અકસ્માતવાળા બનાવમાં હાલનાં આરોપીની બનાવમાં સંડોવાયેલ કન્ટેનરનાં બનાવ સમયે ચાલક તરીકેની ઓળખ સ્થાપિત થયેલ નથી ત્યારે સદરહુ અકસ્માતમાં હાલનાં આરોપીની પુરઝડપ, બેદરકારી અને ગફલતભર્યા ડ્રાઈવીંગનો પ્રશ્ન અસ્થાને રહી જાય છે. આ સિવાય પણ અકસ્માતમાં સંડોવાયેલ કન્ટેનરનાં ચાલકની પુરઝડપ તથા ગફલત અને બેદરકારી ભર્યા ડ્રાઈવીંગનાં કારણે અકસ્માત બનેલો હોવાનું સાબિત માનવા માટે કોઈ જ સચોટ અને માનવાલાયક પુરાવો ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ નથી. આ સંજોગોમાં માત્ર ત.ક.અમલદારનાં મૌખિક પુરાવા આધારે હાલનાં આરોપીને આ ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય એમ નથી.

૩૦. જેથી, ઉપરોકત તમામ ચર્ચા લક્ષમાં રાખતાં ફરિયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે કે, આ કામનાં

આરોપીએ ટોલટેક્ષ બચાવવા સારુ તા.૦૨–૦૫–૨૦૨૨ નાં કલાક ૧૭:૪૫ વાગ્યેના સુમારે આમરી ગામ, આમરી ગામથી આગળ વળાંકમાં પડઘા ગામના પાટિયા પહેલા આશરે ૧૦૦ મીટર ઉપર પોતાના કબજાનું ૫૦ ફૂટ લંબાઈનું વાહન ટ્રેલર રજિસ્ટ્રેશન નં.જીજે–૫–બીએકસ–૯૭૦૭ નાં કન્ટેઈનરમાં સમાન ભરેલ હોવાનું જાણવા છતાં પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારીને રોડના વળાંકમાં પોતાના વાહન પરનો કાબૂ એકદમ ગુમાવીને બાજુમાંથી પસાર થતા વાહન ઈકો કાર નં.જીજે ૨૧–સીએ ૪૨૩૩ ઉપર કન્ટેઈનર પલ્ટી મારી જતા વાહન ઈકો કારમાં બેસેલ પ્રફુલભાઈ લલ્લુભાઈ પટેલ, રોનક કાંતીલાલ પટેલ, મીનાક્ષીબેન પ્રફુલભાઈ પટેલ, રિધ્વેશ ઉર્ફે શીવ પ્રફુલભાઈ પટેલ તથા મનીષા ઉર્ફે મંસાબેન મુકેશભાઈ પટેલનાઓના દબાઈ જવાથી શરીરે જુદી જુદી ગંભીર ઈજાઓ થતાં સ્થળ ઉપર મોત નિપજાવી તથા ફરિયાદી દિપ કાંતિલાલ પટેલના શરીરે ઈજાઓ કરી, ઈ.પી.કોડની કલમ–૨૭૯, ૩૦૪, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનાં સજાપાત્ર ગુના કરેલ છે. સબબ મુદ્દા નં.૧ નો નિર્ણય 'નકાર'માં આપું છું.

**મુદ્દા નં.૨ :–**

**૩૧.** ઉપરોકત મુદ્દા નં.૧ માં કરેલ સમગ્ર વિસ્તૃત ચર્ચા લક્ષમાં રાખતાં ફરિયાદ પક્ષ આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -: આખરી હુકમ :-

(૧) સદર કામનાં આરોપી : સંજય ધ્રુવ ઠાકુર નાઓ વિરૂધ્ધ નવસારી રૂરલ પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં.-૧૧૮૨૨૦૨૧૨૨૦૬૯૫/૨૦૨૨ થી નોંધાયેલ ફરિયાદ અનુસંધાને દાખલ થયેલ સેશન્સ કેસ નં.૪૦/૨૦૨૨ નાં કામે સદરહુ આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૨૭૯, ૩૦૪, ૩૩૭, ૩૩૮ તથા મોટર વાહન અધિનિયમની કલમ-૧૭૭, ૧૮૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાં શંકાનો લાભ આપી છોડી મૂકવામાં આવે છે.

(૨) આરોપીનાં અગાઉ રજૂ કરેલા જામીનખત તથા જાતમુચરકા રદ કરવામાં આવે છે.

(૩) સદર ચુકાદા સામે નામદાર હાઈકોર્ટમાં અપીલ થાય તો તેમાં હાજર રહેવા માટે આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ : ૪૩૭-એ મુજબ રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) નાં જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કરવા.

હુકમ આજ તારીખ : ૦૧, એપ્રિલ, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**Sd/-**
**( પ્રતિક જયસુખભાઈ તમાકુવાળા)**
**સેશન્સ જજ, નવસારી.**
**કોડ નં. જીજે૦૦૫૮૧.**

નવસારી,

તારીખ : ૦૧-૦૪-૨૦૨૬.

A.G.KULKARNI-P.A.